# પાલનપુરમાં હનુમાન ટેકરી પાસેથી પાડા ભરેલી ટ્રક ઝડપાઈ

**જીવદયા પ્રેમીઓએ કતલખાને લઈ જવાતા ૬૩ પાડાઓને બચાવ્યા : રાજસ્થાન તરફ પાડા ઓને કતલખાને લઇ જતા બે ઇસમોની અટકાયત કરાઈ**



પાલનપુર તા.૧૯

પાલનપુરમાં રાત્રિના સમયે પાડા ભરેલી એક ટ્રક પસાર થઈ રહી હોવાની જીવદયા પ્રેમીઓએ બાતમી મળતા જીવદયા પ્રેમી ઓએ હનુમાન ટેકરી પર વોચ ગોઠવી ને બાતમી વાળી ટ્રકને ઊભી રખાવી ટ્રકની તપાસ કરતા ટ્રકમાં કેદ ૬૩ જેટલા અબોલ પાડા ભરેલા હોય અને આ પશુઓ ને કતલખાને લઈ જવાં આવતા હોવાનું માલુમ પડતાં ટ્રકમાં સવાર બે ઈસમોની અટકાયત કરી તેમની સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,પાલનપુરમાં બુધવારની રાત્રે રાજસ્થાન તરફથી એક પાડા ભરેલી ટ્રક આવી રહી હોવાની બાતમી મળતા જીવદયા પ્રેમીઓએ હનુમાન ટેકરી નજીક વોચ ગોઠવી હતી.

દરમ્યાન બાતમી વાળી ટ્રક આવી પહોંચતા તેને ઊભી રખાવી ટ્રકની તલાશી લેતા તેમાં ઘાસચારા કે પાણી વિના ઘીચો ઘીચ ૬૩ પાડા ભરેલા હોય અને ટ્રક ચાલક પાસે પાડા ઓની હેરાફેરી મામલે કોઈ પાસ પરમિટ ન હોયપાડાઓને કતલખાને લઈ જતી ટ્રકને પશ્ચિમ પોલીસ મથકે લઈ જવામાં આવી હતી .

જયાં ટ્રકમાં સવાર યાસીનખાન અલીશેરખાન સિંધી રહે.હરલાયા ગામ જી.જોધપુર અને સાદિકખાન ઉસ્લામ ખાન સિંધી રહે. ભીનમાલ જી.જાલોર વાળા સામે પશુ ક્રૂરતા અંગે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને પાડા ઓને નજીકના પાંજરાપોળમાં મોકલવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

**પોલીસ વિભાગ છાંયડો, પાણીની સુવિધા આપવામાં ઉણું ઉતર્યું**

# જિલ્લામાં ધોમધખતી ગરમીમાં ટી.આર.બી. જવાનોની કામગીરી દેખાઈ

**લગ્નસરાના અવસરમાં ટ્રાફીકની સ્થિતિનું નિયંત્રણ કર્યું**



બાયડ, તા.૨૦

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ધોમધખતી ગરમી અને લગ્નસરાની સીઝનમાં ટી.આર.બી. જવાનોની સારી કામગીરીની પ્રજાએ નોંધ લીધી છે પરંતુ પોલીસ વિભાગ દૈનિક વેતન મેળવતા કર્મચારીઓને ધોમધખતી ગરમીમાં છાંયડો, પાણીની સુવિધા આપવામાં ઉણું ઉતર્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લાના શહેરી અને તાલુકા મથકોએ ટ્રાફીકની વિકરાળ બનતી સમસ્યામાં પોલીસને મદદરુપ થવા માટે ટી.આર.બી. જવાનોની નિયુક્તિ કરવામાં આવી છે અને રવિવાર સિવાયના દિવસે તેઓ ફાળવવામાં આવેલા ટ્રાફીક પોઈન્ટ ઉપર ઉભા રહી ટ્રાફીકનું નિયમન કરતા હોય છે. જિલ્લાના હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, તલોદ, પ્રાંતિજ, બાયડ, ધનસુરા, મોડાસા, ભિલોડા, માલપુર અને મેઘરજમાં ધોમધખતી ગરમી છતાં ટી.આર.બી. જવાનોએ કર્મયોગીની જેમ કામગીરી કરી હતી અને વારંવાર સર્જાતા ટ્રાફીકજામમાંથી વાહન ચાલકો અને પ્રજાને રાહત અપાવી હતી. આવા સમય દરમ્યાન જિલ્લામાં તાપમાનનો પારો ૪૪ ડિગ્રીને આંબી ગયો હતો અને આકાશમાંથી અગન ગોળા વટતા હતા છતાં ખુલ્લામાં ટી.આર.બી. જવાનો ટ્રાફીક નિયંત્રણ કરતા જોવા મળ્યા. પરંતુ માનવતા ભૂલાઈ હોય તેમ પોલીસે આવા ટી.આર.બી. જવાનોના સ્વાસ્થ્યની ચિંતા કરી નથી. મનરેગા યોજનામાં કામ કરતા શ્રમજીવીઓને પણ તંત્ર દ્વારા છાંયડો અને છાશનું વિતરણ કરવામાં આવે છે ત્યારે પડકારજનક ટ્રાફીક સમસ્યાનું નિવારણ કરતા ટી.આર.બી. જવાનો પ્રત્યે તંત્રનું બેવડું વલણ છતું થયું છે.

# પ્રાંતિજના તખતગઢ ગામમાં વીજળી બચાવોનો અભિયાન ગ્રામજનોએ કરી

પ્રાંતિજ તા.૧૯

સાબરકાંઠા જિલ્લામાં માત્ર એવું કામ છે જ્યાં વીજળી બચાવો નો અભિયાન ગ્રામજનો કરી રહ્યા છે તે પ્રાંતિજ તાલુકાના તખતગઢ ગામમાં ગ્રામજનોએ ઉર્જા અંતર્ગત હાલ વીજળી બચાવવાનું કામગીરી કરવામાં આવી રહી છે વીજળી બચાવવાના લઈને સમગ્ર ગામમા ૭૫ ટકા જેટલી સોલર પેનલો લગાવવામાં આવી. સાબરકાંઠા જિલ્લાનુ તખતગઢ એક એવું ગામ છે જે ભૂતકાળમાં રાષ્ટ્રપતિ એવોર્ડ મેળવ્યો છે આ ગામમાં પાણી બચાવવામાં મને પાણી માટેના મીટર લગાવવામાં આવ્યા હતા જેના પગલે દેશ કક્ષાએ દ્વિતીય એવોર્ડ મેળવ્યો હતો જો કે હાલના તબક્કે હવે પાણીની સાથે સાથે વીજળી માટે થયેલા આ પ્રયાસ હવે પાણીની સાથે સાથે વીજળી પણ બચાવો પ્રયાસ પણ થયો છે પ્રાંતિજ તાલુકા પાસે આવેલા તખતગઢ ગામમાં પાણી બચાવો સ્વચ્છતા ને લઈને ગામમાં હવે ગ્રામજનોએ એક નવી પહેલ કરી છે જોકે ગામની અંદર જ મોટાભાગે વીજ બચાવો અભિયાન હાથ ધરવામાં આવી છે. આ ગામ રાષ્ટ્રપતિ એવોર્ડ થી સન્માનિત પણ થયું હતું ત્યારે હવે આ તબક્કે પાણી સાથે સાથે હવે તખતગઢ ગામ વીજળી પણ બચાવવા તરફ આગળ વધી રહી છે જોકે સમગ્ર ગામમાં ૭૫% થી વધુ લોકો સોલર પેનલ થકી વીજ ઉર્જા મેળવી રહ્યા છે જેથી હવે ખાનગી કંપનીઓ સાથે મળીને લોકોને સોલર પેનલ માટે સંમત કરાયા છે આના કારણે હવે ગામ સોલર પેનલ લાગી ચૂકી છે.

# વન અધિકારીએ કોર્ટના હુકમથી ઉપરવટ જઈ કાયમી રોજમદારને નર્સરીનું કામ સોંપ્યું

**સાકરીયા વન ભવનમાં ફરજ બજાવતા કાયમી રોજમદારને નર્સરીમાં ફરજ સોંપ્યાની ચર્ચા**

બાયડ, તા.૨૦

અરવલ્લી વન વિભાગમાં અધિકારીઓ કોર્ટના હુકમની પણ અવગણના કરી કાયમી રોજમદારોને મનસ્વી રીતે કામ સોંપતા હોવાની વિગતો બહાર આવી છે જેમાં આર.એફ.ઓ.એ કોર્ટના હુકમની ઉપરવટ જઈ કાયમી રોજમદારને સાકરીયા સ્થિત વન ભવનની જાળવણીનું કામ પડતું મૂકાવી મોડાસાની નર્સરીમાં ફરજ સોંપ્યાની ચર્ચા વન વિભાગમાં જોરશોરથી ચર્ચાઈ રહી છે. આર.એફ.ઓ.એ કોના હુકમથી કાયમી રોજમદારને વન ભવનની જાળવણીમાંથી મોડાસા સ્થિત નર્સરીમાં ફરજ સોંપી તે ખુદ વન કર્મચારીઓ સમજી શકતા નથી જેથી આ મુદ્દે વિવાદની શક્યતા છે.અરવલ્લી વન વિભાગમાં આર.એફ.ઓ., એચ.આઈ.દેસાઈ સામે છેલ્લા ઘણા સમયથી ગંભીર પ્રકારની ફરિયાદો ઉઠી રહી છે. ખુદ હવે વન વિભાગના કર્મચારીઓ પણ અધિકારીની મનમાની સામે અવાજ ઉઠાવવા માટે તૈયાર થયા છે. બહાર આવેલી વિગતો મુજબ મોડાસા તાલુકાના સાકરીયા ખાતે આવેલા વન ભવનમાં જાળવણીની ફરજ બજાવતા એક કાયમી રોજમદારને આર.એફ.ઓ. એ મનસ્વી રીતે મોડાસાની નર્સરીમાં ફરજ સોંપી દીધી છે. અધિકારીએ કોર્ટના હુકમનો અનાદર કરી જો હૂકમી કરી હોવાના કારણે આ મુદ્દો વન વિભાગમાં ચર્ચાનો વિષય બન્યો છે. છેલ્લા ઘણા સમયથી વન ભવનમાં રેસ્ટ હાઉસની જાળવણીનું કામ કરનાર કાયમી રોજમદારને વન અધિકારીએ કોના કહેવાથી મોડાસાની નર્સરીમાં બોલાવી ફરજ સોંપી તે સમજાતું નથી. વન વિભાગના જી.આર. મુજબ જે તે કાયમી કર્મચારીને જે તે સ્થળે સ્થગિત રાખવાનો હોય છે પરંતુ સદર કિસ્સામાં આર.એફ.ઓ.એ પોતાની રીતે કોર્ટના હૂકમનું અર્થઘટન કરી ગેરબંધારણીય રીતે નર્સરીમાં ફરજ સોંપ્યાની વાતો હવે ચર્ચાના છોગાને આવી છે જેથી આગામી સમયમાં આ મુદ્દે વન વિભાગમાં મોટો વિવાદ લાવી શકે છે.

**જરુર જણાય ત્યાં કામ સોંપ્યું છે – આર.એફ.ઓ.**

મોડાસા આર.એફ.ઓ. દેસાઈએ જણાવ્યું કે કોર્ટના કોઈ હુકમનો અનાદર થતો નથી અને જ્યાં જરુર જણાય ત્યાં કાયમી રોજમદાર કર્મચારીને કામ સોંપવાનું હોય છે. જેથી આવો કોઈ આક્ષેપ થયો હોય તો પાયા વિહોણો છે.

# પાલનપુરમાં ટ્રાફિક નિયમનનો ભંગ કર્યો તો મેમો સીધો ઘરે આવશે

**છેલ્લા ચાર વર્ષમા નેત્રમમાં કેદ થયેલા ૧.૨૯ લાખ વાહન માલિકોને ઇ મેમાં અપાયા : ટ્રાફિક નિયમનો ભંગ કરનાર વાહન માલિકોને રૂ.૩.૯૪ કરોડ ઉપરાંતનો દંડ કરાયો**

પાલનપુર તા.૧૯

બનાસકાંઠા જીલ્લાના વડા મથક પાલનપુર શહેરમાં ઠેર ઠેર લાગાવવામા આવેલ સીસીટીવી કેમેરા વાહનોની સાથે લોકોની ગતિવિધિઓ પર બાજ નજર રાખી રહ્યા છે અને તેનું સંચાલન નેત્રમની ટીમ દ્વારા કરવામાં આવી રહ્યું છે જોકે માર્ચ ૨૦૧૯ થી માર્ચ ૨૦૨૩ સુધીમાં શહેરમાં વાહન હંકારતિ વખતે ટ્રાફિક નિયમનો ભંગ કરતા સીસીટીવી કેમેરામાં કેદ થયેલા ૧.૨૯ લાખથી વધુ વાહનોને રૂ.૩.૯૪ કરોડ ઉપરાંતના ઈ મેમા ઈસ્યુ કરવામાં આવ્યા છે જેમાં થી મોટા ભાગના મેમાનો દંડ વસૂલ કરાયો છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,પાલનપુર શહેરમા વાહન ચાલકો ટ્રાફિક નિયમોનું પાલન કરતા થાય અને શહેરમાં ચાલતી ગતિવિધિઓ પર નજર રાખી શકાય અને અને ચીલઝડપ,છેડતી,ચોરી જેમાં અનિચ્છનીય બનાવોમાં આરોપી ને શોધી કાઢવા માટે જાહેર વિસ્તારો અને માર્ગો પર વર્ષ ૨૦૧૯ માં સીસીટીવી કેમેરા લગવામા આવ્યા હતા જેનું સંચાલન નેત્રમ દ્વારા કરવામાં આવી રહ્યું છે જેમાં ૨૦૧૯ થી ૨૦૨૩ ના ચાર વર્ષના સમયગાળામાં શહેરમાં ટ્રાફિક નિયમન નો ભંગ કરતા ૧૦૨૯૭૦ વાહનો સીસી ટીવી કેમેરા માં કેદ થતા આ વાહનોમાં માલિકોને રૂ.૩૯૪૮૪૨૦૦ ઈ મેમા ઈસ્યુ કરવામાં આવ્યા હતાં જેમાં અત્યાર સુધીમાં ૭૫૭૪૮ મેમા મા રૂ.૨૭૯૧૬૯૦૦ રીકવર કરવામાં આવ્યા છે. અને બાકીના ૨૭૨૩૦ મેમા માં રૂ.૧૧૫૬૮૩૦૦ ની વસુલાત માટે વાહન માલિકોને કોર્ટ મારફતે નોટિસો ઈસ્યુ કરવા માં આવી છે અને આ વાહન માલિકો પાસે થી મેમાની રકમની રિકવરી કરવા જેતે પોલીસ મથકો દ્વારા વસૂલાત જુંબેશ પણ હાથ ધરવામાં આવી છે જોકે પાલનપુરમાં વાહન હંકારતિ વખતે જો જાણે અજાણે ટ્રાફિક નિયમનનો ભંગ થયો નથી કે ઈ મેમો સીધો ઘરે પહોચ્યો નથી ત્યારે ઈ મેમાં થી બચવા વાહન ચલાવતી વખતે સાવધાની એજ સલામતી પુરવાર થશે.

# તલોદ તાલુકામાં દારૂ...જુગાર બાદ ડીઝલ ચોરી પણ પોલીસના હપ્તા રાજથી?

ગાંધીનગર, તા.૧૯

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકા માં દારૂ,જુગાર અને મુસાફરો ભરીને બેફામ દોડતા વાહનો નો ધંધો પોલીસ ના કથિત હપ્તાથી ધમધમાટ ચાલતો હોવાનું ચોમેર ચર્ચા માં રહ્યું છે..ત્યારે તલોદ પોલીસ ના હપ્તા રાજ ના નેટવર્ક અંતર્ગત ભાર વાહક ટ્રકો માંથી ડીઝલ ચોરી થતી હોવાનો અને હપ્તા ના સેટિંગ થકી ડીઝલ ચોરી કરનારા ડીઝલ વેચી મારતા હોવા સંદર્ભના વીડિયો આજે તાલુકા અને જિલ્લાભરમાં વાઈરલ થતાં ખળભળાટ મચી જવા પામેલ છે...અને આમ થતાં તલોદ પોલીસ ની આબરૂને સહજ ભાવે ધક્કો લાગે તેવી સ્થિતિ પેદા થઈ છે.સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા ૨ વિડિયો સંદર્ભ અન્વયે ની વાત કંઈક એવી છે કે, અમદાવાદ ◦મોડાસા રાજય ધોરીમાર્ગ ઉપરના તલોદ તાલુકા ના હરસોલ,તાજપુર અને આંત્રોલી સહિત ના ગ્રામ્ય વિસ્તારો ના સીમાડાઓ માં ક્વોરી ઉદ્યોગ દિન રાત ધમધમતો જોવા મળી રહ્યો છે અહીંની ક્વોરી ઓ ની ખાણ માંથી નીકળતા કપચી, મેટલ અને ડસ્ટ વગેરે રાજયના અનેક જિલ્લાઓ માં નિકાસ થાય છે .જે માટે સેંકડો ટ્રક અને વિશાળકાય ડમ્પર જેવા ભારવાહક વાહનો એરાઉન્ડ ધી ક્લોક કપચી / મેટલ વગેરે ભરવા અહી ની ક્વોરી ઓ માં આવતા / જતા હોય છે .જે વાહનો પૈકીના વાહનો માંથી ડીઝલ ની ચોરી મોટા પ્રમાણ માં થતી હોવાની ચર્ચાઓ તો લાંબા સમયગાળા થી થતી આવી છે .જે ડીઝલ વેચાણ કરનારા ટ્રક / ડમ્પર ના ચાલકો કે જે કોઈ હોય તેમને તથા તેઓ જે હોટેલ/ ગલ્લા વાળાઓ ને ડીઝલ વેચાણ આપે છે. તે બંને ને તો ૧૦૦ ટકા નફો થાય જ. મરો થાય ખાલી ટ્રાન્સપોર્ટ માલિક નો...!! કારણ નુક્શાન માલિકો ને શિરે જઈ પડતુ હોય છે .ગલ્લા..કેબિન..કે હોટેલ વાળા કે જેઓ આમાજ રચ્યા પચ્યા છે તેઓ છૂટક ગ્રાહકોને આ ચોરી કરીને કાઢી લઈ કેરબા વગેરે માં ભરેલું ડીઝલ વેચી મારે છે તેમને માટે તો વકરો એટલો નફો જેવી વાત છે. પરંતુ લાગે છે. આ ૧૦૦ ટકા નફા ના ધંધા પ્રતિ તલોદ પોલીસ ની પણ કુણી નજર પડી હશે કે કેમ ?? જે તેથી તેઓ એ વચ્ચે હપ્તા ઉઘરાવવાનું ચાલુ કર્યું હશે ? રાજ્યનું ગૃહ ખાતું અને સાબરકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક વિશાલ વાઘેલા નું તંત્ર આ બાબતે ઘનિષ્ઠ તપાસ કરે તો સત્ય બહાર આવશે તેમ મનાય છે. જે ચોંકાવનારું હોય શકે છે. વાઈરલ વિડિયો ના ડીઝલ કાઢી ને વેચી મારતા લોકો પૈકીના એક ઈસમ નો વિડિયો આ આખા ડીઝલ ચોરી ના બેફામ અને બેરોકટોક ફાલેલા વેપલા ની પોલ ખોલી રહ્યો છે.જે તપાસ નો વિષય ચોક્કસ છે.તપાસ થાય તો સત્ય શું??? તે સપાટી ઉપર આવે અને કોની મહેરબાની થી કોણ હપ્તા ઉઘરાવે છે ? તેનો પણ પર્દાફાશ થાય.અહી પોલીસ ને ચૂકવવા ના થતા નિયત હપ્તા માં રોકડા રૂપિયા અને ડીઝલ પણ ચાલી જતું હોવાનું વાઈરલ વિડિયો પરથી ફલિત થાય છે . તલોદ તાલુકા મથક માં અને તાલુકાના ડઝન બંધ ગામોમાં માં પણ દારૂ નો વેપલો પોલીસ ની રહેમ નજર હેઠળ ધમધમાટ ચાલતો હોવાનું જગ જાહેર છે .દારૂ જુગાર ની બદી ને નાથવા રાજ્ય નું ગૃહ ખાતું ભલે જહેમત ઉઠાવી રહ્યું હોય...પણ આવી કથિત વરવી વાસ્તવિકતા કલંક રૂપ હોવાનું પણ ચર્ચાસ્પદ બન્યું છે જે માટે ગૃહ ખાતું એક્શન મોડ માં આવે તે સમયની માંગ છે.

# નવ નિર્મિત ટીંટોઈ પોલીસ સ્ટેશનનો ટેલિફોન નંબર જાહેર કરવામાં આવેની લોક માંગ,અરજદારોને તકલીફ પડતી હોવાની રાવ

મોડાસા, તા. ૧૯

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતે ટીંટોઈ પોલીસ સ્ટેશન માટે ગૃહ વિભાગમાં વારંવાર રજુઆતના પગલે ટીંટોઈ પોલીસ સ્ટેશનની મંજૂરી મળી હતી.૧૯ એપ્રિલે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું જો કે લોકાર્પણને એક મહિના જેટલો સમય વીતવા છતાં ટીંટોઈ પોલીસ સ્ટેશનનો નંબર આજ સુધી જાહેર કરવામાં ન આવતા ટીંટોઈ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવામાં લોકોને ભારે મુશ્કેલી પડતી હોવાથી પોલીસ સ્ટેશનનો નંબર ત્વરિત નંબર જાહેર કરવામાં આવેની લોકમાંગ પ્રબળ બની છે.





મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનની ટીંટોઈ આઉટ પોસ્ટને અપગ્રેડ કરી પીઆઈ કક્ષાનું પોલીસ સ્ટેશન કાર્યરત કરવામાં આવ્યું છે જેમાં મોડાસાના દધાલીયા અને મેઘરજના ઈસરી આઉટ પોસ્ટ પોલીસ સ્ટેશનનો સમાવેશ કરીને કુલ ૬૬ ગામડાઓનો સમાવેશ કરવામાં આવતા લોકોમાં આનંદ છવાયો છે જો કે પોલીસ સ્ટેશન કાર્યરત થયાને એક મહિનો પૂર્ણ થવામાં આવ્યો હોવા છતાં ટીંટોઈ પોલીસ સ્ટેશનનો સંપર્ક નંબર જાહેર કરવામાં ન આવતા અરજદારોને ભારે તકલીફ પડી રહી છે ક્યારેક ઈમરજન્સી ઘટના સર્જાય કે કોઈ તકલીફ થાય તો પ્રજાજનો પાસે ટીંટોઈ પોલીસ સ્ટેશનનો નંબર ન હોવાથી કોનો સંપર્ક કરવો તે યક્ષ પ્રશ્ન બની રહ્યો છે. વરથુ ગામના યુવા અગ્રણી આશુતોષ રાઠોડના જણાવ્યા અનુસાર ટીંટોઈ પોલીસ સ્ટેશનની વર્ષો જૂની માંગ સંતોષાતા સમગ્ર પંથકમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ બનશે લોકો કોઈ ઈમરજન્સી ઉભી થાય તો ટીંટોઈ પોલીસ સ્ટેશનનો સંપર્ક કઈ રીતે કરવો..?? કંટ્રોલમાં પણ ટીંટોઈનો સંપર્ક નંબર ન હોવાથી ત્યાંથી પણ સંપર્કમાં તકલીફ પડતી હોવાથી ઝડપથી ટીંટોઈ પોલીસ સ્ટેશનનો નંબર જાહેર કરવામાં આવે જેથી લોકોને સંપર્ક કરવામાં તકલીફ ન પડે તેમ ભાર પૂર્વક જણાવ્યું હતું

# તલોદ રેફરલ હોસ્પિટલમાં નિર્માણ પામનાર ૧ ૨ કવાર્ટરનું કામ સાડા ચાર વર્ષથી ટલ્લે ચઢયું

ગાંધીનગર તા.૧૯

સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથક તલોદ નગર ખાતે આવેલ સરકારી હોસ્પિટલ (સામૂહિક આરોગ્ય કેન્દ્ર )ના કેમ્પસ માં નિર્માણ પામનાર ૧ ૨ સ્ટાફ ક્વાર્ટર નું કામ છેલ્લા ચારેક વર્ષથી ખોરંભે પડ્યું છે .તેમ છતાં રાજય સરકાર ના કોઈ જ જવાબદાર તંત્ર ની નજર અધૂરા છોડી દેવાયેલા આ બાંધકામ ઉપર પડી નથી ..!!! જેથી ક્વાર્ટર માટે ઊભી કરવામાં આવેલ અને અધૂરી છોડી દેવામાં આવેલ ઈમારત નું સ્વરૂપ આજે હાડપિંજર માં ફરી વળ્યુ છે. બીજી તરફ ક્વાર્ટર ની સુવિધા થી વર્ગ ૩ નો સ્ટાફ વિમુખ રહેવા મજબૂર બન્યો છે. તલોદ તાલુકાના અને આસપાસ ના મળી ૧૦૦ થી વધુ ગામના દર્દીઓ માટે વિના મૂલ્યે દાકતરી નિદાન/ સારવાર પૂરી પાડીને "તલોદ ની સિવિલ હોસ્પિટલ" ના નામે ખ્યાતિ પ્રાપ્ત તલોદ રેફરલ હોસ્પિટલ ના વર્ગ.૩ ના ૧ ૨



જેટલા પરિવારો ના આવાસ માટે હોસ્પિટલ ના કેમ્પસ માંજ ૧ ૨ સ્ટાફ ક્વાર્ટર નું નિર્માણ કરવા ના શુભાશય સાથે રાજ્ય સરકારે ચારેક વર્ષ પહેલાં રૂ ૨ કરોડ મંજૂર કર્યા હતા. રાજ્યના આરોગ્ય,પરિવાર કલ્યાણ વિભાગ ના વાર્ષિક વિકાસ કાર્યક્રમ અંતર્ગત ૨૦૧૫/૧૬ અને ૨૦૧૬/૧૭ માં તલોદ ની આ હોસ્પિટલ ના કેમ્પસ માં વર્ગ ૩ ના કર્મચારી ભાઈ/ બહેનો માટે કુલ.૧ ૨ સ્ટાફ ક્વાર્ટર નું નિર્માણ કરવા ઠરાવેલ. પ્રોજેક્ટ ઈમ્પ્લીમેંટેશન યુનિટ (પી. આઈ. યુ ) ◦હિંમતનગર (સાબરકાંઠા) દ્વારા સપ્ટેમ્બર..૨૦૧૮ માં આ ક્વાર્ટર ના નિર્માણ નું કામ આરંભ પામેલ.બાદ કોરોના મહામારી ના ગ્રહણ અન્વયે લદાયેલા લોકડાઉન ને કારણે ક્વાર્ટર ના બાંધકામ ઉપર બ્રેક લાગી ગઈ ...ગ્રહણ તો સમયાંતરે દૂર થયું....પરંતુ ત્યારબાદ અગમ્ય કારણસર બાંધકામ સદંતર બંધ રહ્યું.... જે આજે સાડા ચાર વર્ષ બાદ પણ ચાલુ નહિ થતા સહજ ભાવે જવાબદાર તંત્ર પ્રતિ આક્રોશ ની લાગણી સાથે લોકો અનેકાનેક આશંકાઓ પણ વ્યક્ત કરી રહ્યા છે . ઉલ્લેખનીય છે કે, તા.૨૬/૯/૨૦૧૮ ને દિવસે આ ક્વાર્ટર ની ઈમારત નું કામ ચાલુ કરવાનું હતું અને તા ૨૬/૯/૧૯ ના રોજ પૂરું કરવાની શરતી મહેતલ હતી .એક વર્ષના આ સમયગાળા માં પણ બાંધકામ પૂર્ણ નહિ કરી શકનાર કોન્ટ્રાક્ટ એજન્સી સામે કેમ કોઈ પગલાં લેવાતાં નથી .? એવા અનેક સવાલો આશંકાઓ સાથે ઉદભવતા જોવા/ જાણવા મળી રહ્યા છે.

# પાલનપુર તાલુકા રતનપુર ગામે રાહતના પ્લોટ બારોબાર વેચી મારવાનું કોભાંડ આચરાયું હોવાની રાવ

**ગામતળમાં ગેરકાયદેસર પ્લોટ પાડી મળતિયા ઓને ૪૦-૪૦ હજારમાં વેચી મરાયા હોવાના આક્ષેપ : ૩૦૦ પ્લોટ રદ કરવાની જગ્યાએ માત્ર ૬૫ પ્લોટ રદ કરવામાં આવતા કલેકટરને આવેદન પાઠવાયું**

પાલનપુર તા.૧૯

પાલનપુર તાલુકા રતનપુર ગામે ગ્રામ પંચાયતના તત્કાલીન સત્તાધીસો અને તલાટી ક્રમ મંત્રીએ મળીને ગામની પડતર જમીનમાં ગેરકાયદસર પ્લોટ પાડી આ પ્લોટ તેમના મળતિયા ઓને બારોબાર વેચી મારવામાં આવ્યા હોય ગામના ૩૦૦ પ્લોટ રદ કરવા જિલ્લા વિકાસ અધિકારીને રજૂઆત કરવામાં આવતા માત્ર ૬૫ પ્લોટ રદ કરવામાં આવ્યા હોવાના આક્ષેપ સાથે ગ્રામજનો દ્વારા જીલ્લા કલેકટર ને આવેદનપત્ર પાઠવાયું છે જેમાં આ પ્લોટ કોભાંડ માં કસૂરવારો સામે ફોજદારી પગલા ભરવાની માંગ કરવામાં આવી હતી.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,પાલનપુર થી ચાર કિલોમીટરના અંતરે આવેલ નાના સરખા રતનપુર ગામે ગ્રામ પંચાયતના તત્કાલીન શાસકોએ તલાટી સાથે મળી પડતર જમીનમાં પ્લોટ પાડી આ પ્લોટ ૪૦-૪૦ હજારમાં પોતાના મોલતિયાઓ ને વેચી મારી ગ્રામ પંચાયતના આકારણી રજીસ્ટર પર અન્ય વ્યક્તિઓના નામે ટાન્સફર કરવાનું કોભાંડ આચરવામાં આવતા ગ્રામના જાગૃત નાગરિક દ્વારા ગામના ૩૦૦ પ્લોટ રદ કરવા જિલ્લા વિકાસ અધિકારી ને રજૂઆત કરવામાં આવતા ડીડીઓ દ્વારા માત્ર ૬૫ પ્લોટ રદ કરવામાં આવતા ગ્રામજનો દ્વારા આ મામલે જિલ્લા તેમજ મુખ્યમંત્રી કક્ષાએ લેખિત રજૂઆતો કરવા માં આવી હતી.

તેમ છતાં કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા આખરે આ પ્લોટ કોભાંડ માં કસૂરવારો સામે ફોજદારી પગલા ભરવાની માંગ સાથે રતનપુર ગ્રામજનો દ્વારા જીલ્લા કલેકટર ની કચેરીએ અધિક નિવાસી કલેકટર રીટાબેન પંડ્યાને આવેદપત્ર પાઠવવામાં આવ્યું હતું.